eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 136
March 28, 2008

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)માં ટી. પી. સ્કીમ નં.૧૧ (અડાજણ), ફા. પ્લોટ નં.૬ પૈકીમાં આવેલ સ્નેહસ્મૃતિ સોસાયટીના સબ પ્લોટ નં.૩૧–૩૨ વાળી મિલ્કતમાં માલીક હેંમતભાઈ નટવરલાલ ધ્રુવ ધ્વારા અગાઉ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ અને સેકન્ડ ફલોર બાંધકામના પ્લાન તા.૧૩–૦૯–૧૯૯૧ થી પ્લાન મંજુર કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ)ના ફાયનલ પ્લોટ નં.૯૧માં આવેલ પરીમલ સોસાયટીના સબ પ્લોટ નં.૨૧૮–૨૧૯–૨૨૦માં તથા સબ પ્લોટ નં.૨૩૨ થી ૨૩૫માં સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા સીવાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં ઝાંપાબજાર, દેવડી રોડ વિસ્તાર તેમજ સીવીલ હોસ્પીટલ પાસે, જાહેર માર્ગ ઉપર લારી ગલ્લા કેબિનો વિગેરે ધ્વારા થતા દબાણો હટાવવાની ઝુંબેશ દરમ્યાન આજ રોજ કુલ–૨૬ જેટલી નડતરરૂપ ખુલ્લી તેમજ છાપરાવાળી લારીઓ તેમજ ૯ (નવ) કેબીનો અને ૧૧ (અગીયાર) કબાટ, રેક, સ્ટેન્ડ વિગેરેના દબાણો હટાવી જમા કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા JnNURM યોજના હેઠળ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશન ઉદ્‌ઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૨૬–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા **JnNURM** યોજના હેઠળ રાંદેર ઝોન ખાતે ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશનની ઉદ્‌ઘાટનવિધિ તથા અસારમા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશન તેમજ અઠવા ઝોન ખાતે ખજોદ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશનની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૨૬–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)માં ટી. પી. સ્કીમ નં.૧૧ (અડાજણ), ફા. પ્લોટ નં.૬ પૈકીમાં આવેલ સ્નેહસ્મૃતિ સોસાયટીના સબ પ્લોટ નં.૩૧–૩૨ વાળી મિલ્કતમાં માલીક હેંમતભાઈ નટવરલાલ ધ્રુવ ધ્વારા અગાઉ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ અને સેકન્ડ ફલોર બાંધકામના પ્લાન તા.૧૩–૦૯–૧૯૯૧ થી પ્લાન મંજુર કરવામાં આવેલ. જે મુજબ સ્થળ ઉપર બાંધકામ કરેલ. ત્યારબાદ આ બંગલામાં બિનઅધિકૃત બાંધકામ કરાતા, ત્યાંના રહીશો તરફથી મ્યુ. કમિશનર કુમારી એસ. અર્પણાને ફરીયાદ કરવામાં આવતા, ઝોનલ ચીફ તથા ઝોનલ ઓફિસરને હકીકતની ખરાઈ કરી, કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેર ઝોનના ઝોનલ ચીફ તથા ઝોનલ અધિકારી તરફથી સ્થળ તપાસ કરતાં, પ્લાન વિરૂધ્ધનું બાંધકામ જણાય આવેલ. જે અંગે ઝોન કચેરી તરફથી ઉકત માલિકને મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ.

ત્યાર બાદ ગુજરાત સરકારશ્રીના ઈમ્પેકટ ફીના કાયદા હેઠળ અત્રેની કચેરીએ મંજુર પ્લાન વિરૂધ્ધનું ગેરકાયદેસર બાંધકામ આ મિલ્કતદારો ધ્વારા રેગ્યુલરાઈઝ કરાવવામાં આવેલ. પરંતુ, ઈમ્પેકટ ફી ભર્યા બાદ સ્થળ ઉપર ફરી વધારાનું ગેરકાયદેસર બાંધકામ કરતા હોવાની મિલ્કતદારની સોસાયટીના રહીશો તરફથી ફરીથી કમિશનરશ્રીને ફરીયાદ કરતાં, ઝોન કચેરી ધ્વરા સ્થળ તપાસ કરાવતાં,સ્થળ ઉપર વધારાનું ગેરકાયદેસર બાંધકામ જણાયેલ. જેથી ઝોન કચેરી ધ્વારા આજ રોજ તા.૨૫–૦૩–૨૦૦૮થી એન્ટ્રી નોટીસ બજાવી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનુ શરૂ કરવામાં આવેલ. જેમાં ભોંયતળીયે માર્જીનવાળા ભાગમાં ૪૦ × ૧૫ ફુટના માપ વિસ્તારમાં કરેલ આર. સી. સી. ફ્રેમ–સ્ટ્રકચરનું બાંધકામ–સ્લેબવાળો ભાગ દુર કરવાની કાર્યવાહી કરેલ. તેમજ ચણતર વાળો ભાગ દુર કરવામાં આવેલ છે. સ્થળ ઉપર આશરે ૬૦૦ ચો. ફુટનું બાંધકામ દુર કરવાનું શરૂ કરેલ છે. જે દરમ્યાન મિલ્કતદાર તરફથી સદરહુ ઈમ્પેકટ ફી ભર્યા બાદનું તમામ ગેરકાયદેસર બાંધકામ દિન–૦૭ (સાત)માં દુર કરવાની સ્થળ ઉપર બાંહેધરી આપેલ. જેથી મિલ્કતદાર પાસેથી બાંહેધરીના અમલ માટે રૂા.૨૫,૦૦૦/– ડીપોઝીટ પેટે તેમજ રૂા.૧૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ)ના ફાયનલ પ્લોટ નં.૯૧માં આવેલ પરીમલ સોસાયટીના સબ પ્લોટ નં.૨૧૮–૨૧૯–૨૨૦માં તથા સબ પ્લોટ નં.૨૩૨ થી ૨૩૫માં સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા સીવાય અનુક્રમે ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોર તેમજ ગ્રાઉન્ડ, ૨જા માળનું બાંધકામ કરી ભોંયતળીયે દુકાનો બનાવવાના ઈરાદે રોલીંગ શટર્સ મૂકી રસ્તા પર ભારણ વધે તેવું બાંધકામ કરવામાં આવેલ હતું. પરંતુ વારંવાર સુચના આપવામાં આવતા છતાં ફરીથી દૂકાનોનું બાંધકામ કરી દેવાતાં કુલ–૧૧ (અગીયાર) દુકાનોને સીલ કરવામાં આવી હતી. તેમજ સબ પ્લોટ નં.૨૩૨ થી ૨૩૫માં બીજા માળે આર. સી. સી. બીજા માળેનો સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ અંદાજે ૧૬૦૦ ચો. ફુટનું સેન્ટરીંગ વર્ક દુર કરવામાં આવેલ છે. તેમજ બાંધકામનો માલ–સામાન જમાં લેવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં ઝાંપાબજાર, દેવડી રોડ વિસ્તાર તેમજ સીવીલ હોસ્પીટલ પાસે, જાહેર માર્ગ ઉપર લારી ગલ્લા કેબિનો વિગેરે ધ્વારા થતા દબાણો હટાવવાની ઝુંબેશ દરમ્યાન આજ રોજ કુલ–૨૬ જેટલી નડતરરૂપ ખુલ્લી તેમજ છાપરાવાળી લારીઓ તેમજ ૯ (નવ) કેબીનો અને ૧૧ (અગીયાર) કબાટ, રેક, સ્ટેન્ડ વિગેરેના દબાણો હટાવી જમા કરવામાં આવેલ છે.

વધુમાં સુડાનાં ડ્રાફટ ડેવલપમેન્ટ પ્લાન મુજબ રેફરન્સ નંબર પી–૧૫ પ્રમાણેની 'પોલીસ ચોકી અને વોર્ડ ઓફિસ'' નાં હેતુસરની ''પબ્લીક પરપઝ'' માટેના રીઝર્વેશન હેઠળની વોર્ડ નં.૫, સી. સ.નં.૧૬૮૧ પૈકી ઓપન લેન્ડ, ૧૬૮૨/અ પૈકી તથા ૧૬૮૩/અ પૈકી વાળી જગ્યામાં કુલ–૨૩૩ ચો. ફુટ માપ વિસ્તારમાં કબ્જો કરવાને ઈરાદે નવેસરથી શરૂ કરાયેલ ઈંટના ચણતરકામ તેમજ લાકડાનાં વળીઓનાં ફ્રેમસ્ટ્રકચરને આજ રોજ તોડી પાડી જમીનદોસ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ/દબાણ ખાતાનાં આસી./જુ. ઈજનેર, ડેપ્યુટી ઈજનેર તથા દબાણ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની મદદથી કાર્યપાલક ઈજનેરશ્રીની રાહબરી હેઠળ પુરી કરવામાં આવેલ.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા JnNURM યોજના હેઠળ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશન ઉદ્દઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૨૬–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા JnNURM યોજના હેઠળ રાંદેર ઝોન ખાતે ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશનની ઉદ્દઘાટનવિધિ તથા અસારમા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશન તેમજ અઠવા ઝોન ખાતે ખજોદ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓગમેન્ટેશનની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૨૬–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

ભેંસાણ ખાતે હયાત ૬૦ એમએલડી ક્ષમતા ધરાવતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઓગમેન્ટેડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૧૦૦ એમ.એલ.ડી. કરવામાં આવી છે. અંદાજે ૧૯૦૦ હેકટર વિસ્તારને આવરી લેતી વર્ષ–૨૦૧૧ સુધીમાં આ વિસ્તારની ૬.૭૦ લાખની વસ્તીને આનો લાભ મળી શકશે. ઉદ્દઘાટીત થયેલા પ્લાન્ટમાં ઈન્લેટ/સ્કીન/ગ્રીટ ચેમ્બર અને પાર્શલ ફલ્યુમ, પ્રાયમરી સેટલીંગ ટેન્ક, એરેશન ટેન્ક, સેકન્ડરી સેટલીંગ ટેન્ક, કલોરીનેશન સીસ્ટમ, સ્લજ પંપ હાઉસીસ, સ્લજ થીકનર, સ્લજ ડાયજેસ્ટર, સેન્ટ્રીફયુજ શેડ/હાઉસ,ગેસ ફલેરીંગ સીસ્ટમ. સહિતના યુનીટો કાર્યરત રહેશે. અંદાજે રૂા.૨૨૧૮ લાખના ખર્ચે ઓગમેન્ટેડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.



આજ રોજ સુરત મનપાની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તાર અસારમા ખાતે અંદાજે રૂા.૧૦૭૮.૧૮ લાખના ખર્ચે લગભગ ૭૮૦ હેકટર વિસ્તારને આવરી લેતી અંદાજે ૨.૫ લાખની વસ્તીને ૧૫ એમ. એલ. ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પાલ તથા પાલનપુર વિસ્તારના નાગરિકોની ડ્રેનેજ અંગેની સુવિધાઓ સરળતાથી આપી શકાશે.



વધુમાં ખજોદ ખાતે અંદાજે લગભગ ૪ લાખની વસ્તીને આવરી લેતા ૧૧૦૦ હેકટર વેસુ, રૂંઢ, મગદલ્લા, ભરથાણા વિસ્તારને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા મળી શકે તે માટે ખાતમુહૂર્તવિધિ કરવામાં આવી છે. સદર પ્લાન્ટ રૂા.૧૩૪૫.૬૬ લાખના ખર્ચે સાકારિત કરવામાં આવશે.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ડે.મેયરશ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી–કર્મચારી ગણ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP